**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૭.૦° સે. | ૨૯.૦° સે. |
| બારડોલી | ૪૪.૦° સે. | ૨૭.૦° સે. |
| ભરૂચ | ૪૯.૦° સે. | ૨૯.૦° સે. |
| વ્યારા | ૪૪.૦° સે. | ૨૭.૦° સે. |

# સુરત જિલ્લામાં અનેક પંપો પર ‘ડીઝલ નથી’ના પાટિયા લાગ્યા

**ખેતીના** કામ અટકી પડતાં સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે ચિંતા વ્યક્ત કરી

બારડોલી : દક્ષિણ ગુજરાતના આર્થિક હબ ગણાતા સુરત જિલ્લામાં હાલમાં ડીઝલની ભારે અછત સર્જાઈ છે. જિલ્લાના અનેક પેટ્રોલ પંપો પર ‘ડીઝલ નથી’ ના બોર્ડ ઝૂલી રહ્યા છે, જેના કારણે વાહનચાલકો સહિત ખાસ કરીને ખેતી ક્ષેત્રે સંકળાયેલા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ભરઉનાળે ખેતીકામ જ્યારે જોરશોરથી ચાલી રહ્યું છે, ત્યારે ઈંધણની આ કટોકટીએ ગ્રામીણ અર્થતંત્ર પર માઠી અસર પહોંચાડી છે.

હાલમાં સુરત જિલ્લાના ખેતરોમાં ઉનાળુ પાકની લણણી અને આગામી સીઝન માટે ખેડકામની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ટ્રેક્ટરો, ખેતીના સાધનો અને સિંચાઈ માટેની મોટરો ચલાવવા માટે ડીઝલ અનિવાર્ય છે. સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલે આ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ખેડૂતો એક પંપ પરથી બીજા પંપે ડીઝલ માટે આંટાફેરા કરી રહ્યા છે, પરંતુ પરિણામ શૂન્ય મળી રહ્યું છે. પૂરતા પ્રમાણમાં ઈંધણ ઉપલબ્ધ ન હોવાને કારણે તૈયાર પાક અને ખેતીના અન્ય મહત્વના કામો અટકી પડ્યા છે, જેનાથી ખેડૂતોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. ડીઝલની આ અછત પાછળ માત્ર સ્થાનિક વિતરણ વ્યવસ્થા જવાબદાર નથી, પરંતુ તેની પાછળ વૈશ્વિક રાજકીય અસ્થિરતા મુખ્ય કારણ માનવામાં આવી રહી છે. મધ્ય પૂર્વમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વણસેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે ક્રૂડ ઓઈલના પુરવઠા પર મોટી અસર પડી છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના તણાવના પરિણામે આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવમાં અસ્થિરતા અને સપ્લાય ચેઈનમાં અવરોધો ઊભા થયા છે. અમેરિકાના હસ્તક્ષેપ અને આ પ્રદેશમાં વધતા જતા લશ્કરી તણાવને લીધે ભારતીય તેલ કંપનીઓને પણ પુરવઠો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે, જેની સીધી અસર અત્યારે સુરત જેવા જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારોમાં જોવા મળી રહી છે.

સ્થાનિક પેટ્રોલ પંપ સંચાલકોના મતે, કંપનીઓ તરફથી જ પૂરતો જથ્થો ફાળવવામાં આવી રહ્યો નથી. જો આગામી દિવસોમાં આ અછત દૂર નહીં થાય, તો ખેતીકામની સાથે સાથે પરિવહન સેવાઓ પર પણ તેની ગંભીર અસર પડશે.

# ટેક્સચોરી કરવા માટે બે લક્ઝરી બસનો એક જ નંબર

**સદ્‌ગુરૂ** શિવમ ટ્રાવેલ્સની એક જ નંબરની બે બસ પકડી સુરત ગ્રામ્ય એલસીબીએ માલિકની શોધખોળ શરુ કરી

પલસાણા : સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખાએ કડોદરા ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને પેસેન્જર બસના ઓઠા હેઠળ ચાલતા એક મોટા છેતરપિંડીના રેકેટને ઝડપી પાડ્યું છે. સદ્‌ગુરૂ શિવમ ટ્રાવેલ્સના માલિક અને ડ્રાઈવર દ્વારા આર.ટી.ઓ. ટેક્સની ચોરી કરવાના ઈરાદે એક જ રજીસ્ટ્રેશન નંબર પર બે અલગ-અલગ બસો ચલાવવાનું કારસ્તાન પ્રકાશમાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, એલ.સી.બી.ના એ.એસ.આઈ. જગદીશભાઈ ચૌધરીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, કડોદરા ચાર રસ્તા ખાતેથી સદ્‌ગુરૂ શિવમ ટ્રાવેલ્સની એક બસ ઝડપાઈ હતી. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી હતી કે આ બસ પર જે રજીસ્ટ્રેશન નંબર ‘AR-06-C-0444’ લગાવેલો હતો, તે જ નંબર અન્ય એક બસ પર પણ ઉપયોગમાં લેવાતો હતો. સરકારી ટેક્સ ભરવો ન પડે તે હેતુથી એન્જિન અને ચેસિસ નંબર સાથે છેડા કરી, બનાવટી દસ્તાવેજોના આધારે નાસિક-સુરત અને અમરેલી-સુરત જેવા લાંબા રૂટ પર આ બસો દોડાવવામાં આવતી હતી.

પોલીસે સ્થળ પરથી બસ ચાલક બિજલભાઈ પુનાભાઈ ભુરખીયા (રહે. ઉજળવાવ, ભાવનગર)ની ધરપકડ કરી છે. જ્યારે ટ્રાવેલ્સના માલિક અજયભાઈ રમેશભાઈ વામજા (રહે. સુરત) હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે કુલ બે લક્ઝરી બસ સહિત કુલ રૂપિયા ૩૦,૧૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કડોદરા GIDC પોલીસ મથકે આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૪૧(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# પાંચ વર્ષ પહેલા જ બનેલા અંકલેશ્વરના ગડખોલ બ્રિજના સળિયા દેખાવા માંડ્યા

**અંકલેશ્વરના** પ્રવેશદ્વાર સમાન બ્રિજનો એપ્રોચ રોડના પણ ખસ્તાંહાલ

**બ્રિજ** પર ગમે ત્યારે મોટો અકસ્માત થવાની ભીતિ, સળિયાની જાળી બહાર આવી ગઈ



અંકલેશ્વર: અંકલેશ્વરમાં 5 વર્ષ પહેલાં ખુલ્લા મુકાયેલાં ગડખોલ બ્રિજના સળિયા દેખાવા લાગ્યાં છે. પાંચમી વખત આ પ્રકારની ઘટના બની છે. એક વર્ષ પહેલાં પણ સળિયા દેખાવા લાગતાં રીપેરિંગ કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર અને ભરૂચને જોડતાં જુના હાઇવે પર ગડખોલ પાસે બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ બ્રિજ અંકલેશ્વર શહેરનું પ્રવેશદ્વાર પણ છે. 2021માં આ બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગડખોલ બ્રિજ તેના નિયત સમય કરતા 5 વર્ષ વિલંબથી તા. 30 જુલાઈ 2021ના રોજ બન્યો હતો. અંદાજે 104.80 કરોડના ખર્ચે નિર્માણ પામેલા બ્રિજ પર એક વર્ષમાં સળિયા દેખાવા માંડ્યા હતા.એટલું જ નહિ લોકાર્પણ થયાના છ મહિના બાદ ઓએનજીસી તરફનો એપ્રોચ રોડ બન્યા બાદ શરુ થયો હતો. છેલ્લા 5 વર્ષમાં સળિયા દેખાવાની ઘટના 8થી વધુ વાર સામે આવી છે. ફરી એકવાર સળિયા બહાર આવી ગયા છે.100 કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ પામેલા રોડના માત્ર 5 વર્ષમાં ખસ્તા હાલ થઇ ગયા છે. સળિયાની જાળી બહાર આવી ગઈ છે. તેના પર વાહન ચાલકો પટકાતા અકસ્માતની ભીતિ ઊભી થઇ રહી છે. વધુ પડતો ઠપકાર પડે તો બાકોરું પડવાની સંભાવના છે. જેને લઇ મોટી હોનારત સર્જાઈ શકે છે. હાલ ભયજનક બનેલા આ બ્રિજ પર હવે વાહન ચાલકોએ સંભાળી ને પસાર થવું હિતાવહ બન્યું છે. નર્મદા મૈયા બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યાં બાદ જૂના નેશનલ હાઇવે પરથી કાર સહિતના વાહનોની અવરજવરમાં વધારો થયો છે. એસટી બસો પણ આ હાઇવે પરથી પસાર થઇ રહી છે. આવા સંજોગોમાં બ્રિજની તકલાદી હાલતથી ચિંતાજનક સ્થિતિ ઉભી થઇ છે.

## વ્યારાના સરૈયામાં પરિવાર ભૂજ ફરવા ગયો અને તસ્કરો 9.90 લાખનો હાથફેરો કરી ગયા

વ્યારા : વ્યારાના સરૈયામાં ગામે તસ્કરો પરિવાર ભુજ ફરવા ગયો હોય બંધ ઘરનો લાભ લઈ 6.59 લાખનાં સોના ચાંદીના દાગીના તેમજ 2.50 લાખની રોકડ રકમ લઈ ભાગી છૂટયા હતાં. મળતી માહિતી મુજબ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના સરૈયા ગામમાં રહેતા અને વેપાર કરતાં 42 વર્ષિય દિપેશકુમાર જયંતિલાલ રાણા પોતાના પરિવાર સાથે ગત તારીખ 09-05-2026 ના રોજ ભુજ માતાના મઢ ખાતે દર્શન માટે ગયા હતાં. જ્યાંથી 11-05-2026 ના રોજ પોતાના ઘરે પરત આવ્યા હતાં. તે દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો બંધ ઘરનું તાળું તોડી બેડરૂમમાં કબાટમાં મુકેલા રોકડા રૂપિયા 2.50 લાખ સહિત 6.59 લાખનાં સોના ચાંદીના દાગીના મળી કુલ્લે 9.9 લાખની ચોરી કરી ગયા હતા. દિપેશ રાણાએ વ્યારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# શેરબજારમાં નાણા ડૂબી જતાં પલસાણાના યુવાનનો આપઘાત

**સાંકીના** પરપ્રાંતિય યુવકે ૪ લાખ ગુમાવતા ઉંદર મારવાની દવા પીધી

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના સાંકી ગામે એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં શેરબજારમાં રોકેલા નાણાં ડૂબી જતાં આર્થિક સંકડામણ અને ટેન્શનમાં આવી ગયેલા ૨૬ વર્ષીય યુવકે ઉંદર મારવાની દવા પીને આત્મહત્યા કરી લીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાંકી ગામની શિવ પાર્ક સોસાયટી (મકાન નંબર ૧૪૭) માં રહેતા મનીષભાઈ સુનિલભાઈ ઝાએ પોતાની બચતના આશરે ૪ લાખ રૂપિયા શેરબજારમાં રોક્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં આવેલા કડાકાને કારણે આ તમામ રૂપિયા ડૂબી ગયા હતા. લાખોની મૂડી ગુમાવતા મનીષભાઈ ઊંડા ડિપ્રેશનમાં સરી પડ્યા હતા.

આ માનસિક તણાવમાં ગત ૨૮ એપ્રિલના રોજ તેમણે તેમના ઘરે ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તબિયત લથડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, લાંબી સારવાર બાદ ગત ૧૦ મેના રોજ તેમણે હોસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતા.

આ ઘટના અંગે મૃતકના સંબંધી સુધીરભાઈ દુખહરણ ઝાએ પલસાણા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. મિતાલીબેન હરીશભાઈ કરી રહ્યા છે. યુવાનના આ આકસ્મિક પગલાથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# માંગરોળમાંથી નવ પશુઓને કતલખાને જતા બચાવી લેવાયા

**રૂ.5.62 લાખનો** મુદ્દામાલ કબજે કરી 9 પશુઓને બચાવી પાંજરાપોળ મોકલાયા



વિનોદ મૈસુરીયા

વાંકલ : નાની નરોલી ગામમાંથી ભેંસ અને નાના પાડા-પાડીને ક્રૂરતાપૂર્વક ખીચોખીચ ભરી સુરત લઈ જવાતા હોવાની બાતમીના આધારે માંગરોળ પોલીસના વિપુલભાઈ વિક્રમભાઈને મળતા હાઈસ્કૂલ પાસે વોચ ગોઠવીને કથ્થઇ કલરનો ટેમ્પો નંબર GJ-05-CW-9232ને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો.

તપાસ દરમિયાન ટેમ્પામાં 6 નાના પાડા, 2 પાડી અને 1 ભેંસ મળી કુલ 9 પશુઓને ઘાસચારો, પાણી તથા બેસવાની યોગ્ય વ્યવસ્થા વગર ભરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પશુઓને બચાવી પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા.

આ કાર્યવાહી દરમિયાન ટેમ્પો ચાલક ઈફ્તખાર મોહમદ હુસેન અંસારી અને ક્લીનર મસ્તાન અજીજ કુરેશીની અટકાયત કરવામાં આવી છે. જ્યારે પશુઓ ભરી આપનાર, તબેલાના માલિક, પશુઓ મોકલનાર અને મંગાવનાર સહિત ચાર લોકોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસે ટેમ્પો, પશુઓ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.5.62 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કામગીરી વિભાગીય પોલીસ અધિકારી બી.કે.વનાર અને પીઆઈ પી.એમ.દેસાઈના માર્ગદર્શન હેઠળ માંગરોળ પોલીસ સ્ટાફે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી BAPS સ્વામિનારાયણ મંદિરનો 31મો પાટોત્સવ ઉજવાયો



બારડોલી : બીએપીએસ સ્વામિનારાયણ મંદિર બારડોલી ખાતે તા. 09 મે 2026ના રોજ 31મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પ્રાંગણમાં યોજાયેલા આ પાવન ઉત્સવમાં વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપૂજાની પૂર્ણાહુતિ બાદ અમદાવાદથી પધારેલા ધર્મજ્ઞ સ્વામીએ અદભુત પ્રવચનનો લાભ આપતાં જણાવ્યું હતું કે, સત્તપુરૂષો જંગમ તીર્થ સમાન હોય છે. બહારથી દેખાવથી નહીં પણ સાચા સંતની પારખ શાસ્ત્રોક્ત લક્ષણો દ્વારા કરવી જરૂરી છે. આ પ્રસંગે સાંકરી મંદિરના કોઠારી પુણ્યદર્શન સ્વામીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી જ્ઞાન અને સમજણ દૃઢ ન થાય ત્યાં સુધી આશીર્વાદ ટકી શકતા નથી. સમગ્ર પાટોત્સવ સભાનું આયોજન પૂજ્ય ધ્યાનજીવન સ્વામીએ તથા પૂજ્ય મંગલભૂષણ સ્વામીએ કર્યું હતુ.

### શ્રી સરદાર બારડોલી તાલુકા ખેડૂત સહકારી મંડળીની વાર્ષિક સભા યોજાઈ



બારડોલી : બારડોલીની અસ્તાન કન્યા વિદ્યાલયના સાંસ્કૃતિક ભવન ખાતે તાજેતરમાં શ્રી સરદાર બારડોલી તાલુકા ખેડૂત સહકારી ખરીદ વેચાણ મંડળી લિ.ની ૭૮મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખ ભીખાભાઇ ઝવેરભાઇ પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થઇ હતી. સંસ્થામાં ૩૮ વર્ષ સુધી સેવા આપી નિવૃત્ત થયેલા માજી મેનેજર ગીરીશભાઈ અંબુભાઈ પટેલનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બારડોલી શુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશભાઈ પટેલ, સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ રમણભાઈ પટેલ સહિત વિવિધ સહકારી સંસ્થાઓના અગ્રણીઓ અને ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરત જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાવેશભાઈ પટેલે કર્યું હતું અને અંતમાં ડિરેક્ટર કિરણભાઈ પટેલે આભારવિધિ આટોપી હતી.

### બારડોલી વિભાગ ગ્રામ વિકાસ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીનો 71.91 લાખનો નફો જાહેર



બારડોલી: બારડોલી વિભાગ ગ્રામ વિકાસ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની 34મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં કન્યા વિદ્યાલય, અસ્તાન ખાતે ઉત્સાહભેર યોજાઈ ગઈ હતી. સંસ્થાના પ્રમુખ હસમુખભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ સભામાં એજન્ડાના તમામ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. ચાલુ વર્ષ દરમિયાન સંસ્થાએ ▯71,91,639 જેટલો માતબર નફો પ્રાપ્ત કર્યો છે.આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ સમીર પટેલ, બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશ પટેલ, સરદાર બાગાયત પ્રમુખ સંજય પટેલ, સુગર ફેક્ટરીના ડિરેક્ટર પરિમલ પટેલ અને અરવિંદભાઇ પટેલ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સભા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

### રાજપીપલા ખાતે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન શિબિરનું આયોજન




દીપલ સોની

રાજપીપળા : રાજપીપલા ખાતે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજપીપલા હરસિદ્ધિ માતાના કમ્પાઉન્ડના હોલમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સાંસદ મનસુખ ભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખ,ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી રાજપીપળાના વાઇસ ચેરમેન દેવેન્દ્રસિંહ પરમાર, સેક્રેટરી જયેશ દોશીએ દીપ પ્રગટાવી રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં યુવાનોએ સ્વૈછીક રક્તદાન કર્યું હતું. રક્તદાન કરનાર દાતાઓને રેડ ક્રોસ સંસ્થાની ટીમ દ્વારા પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપી પુષ્પગુચ્છથી સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રક્તદાન એ મહાદાન છે એ ઉક્તિ સાર્થક કરતા વધુ ને વધુ લોકો રક્તદાન કરી લોકોની જિંદગી બચાવવામાં યોગદાન આપનારાં રક્તદાતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં

# યુકેના વિઝાના નામે લાખોની છેતરપિંડી કરનાર યતીન શાહ બેંગ્લોરથી પકડાયો

**ભરૂચના** કાર સ્પાના માલિક સાથે યતીન શાહે દીકરીના અભ્યાસ માટેના વિઝાના નામે 22 લાખ પડાવ્યા હતા

**બાદમાં** યતીન શાહે બનાવટી એફડી અને લોન લેટર મોકલ્યો હતો, બાદમાં મલેશિયા ભાગી ગયો હતો



ભરૂચ: ભરૂચમાં વર્ષ 2024માં બહાર આવેલા કરોડો રૂપિયાની છેતરપિંડીના હાઈપ્રોફાઈલ કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આંતરરાષ્ટ્રીય સ્તરના ટેકનિકલ સર્વેલન્સ બાદ બેંગ્લોર એરપોર્ટ પરથી રીઢો આરોપી યતીન અરુણભાઈ શાહને ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી યતીન શાહ ખોટા લોન સેન્કશન લેટર, બનાવટી એફ.ડી.ના દસ્તાવેજો અને વિવિધ સરકારી યોજનાઓના બહાના હેઠળ અનેક લોકોને છેતરતો હતો. પોલીસની નજરથી બચવા તે મલેશિયા ભાગી ગયો હતો, જોકે પરત ફરતાં જ તેને અટકાયતમાં લેવામાં આવ્યો.

ભરૂચના ઝાડેશ્વર રોડ સ્થિત રામવાટિકા સોસાયટીમાં રહેતા અને ‘દ્રષ્ટિ કાર સ્પા’ નામે વ્યવસાય કરતા દિપનભાઈ અરુણભાઈ દલાલે જે તે સમયે ભરૂચના સી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, તેમની દીકરીને યુકેમાં અભ્યાસ માટે મોકલવાની પ્રક્રિયા દરમિયાન યતીન શાહે પોતાના સંપર્કો દ્વારા વિઝા અપાવી આપવાની ખાતરી આપી હતી. આરોપીએ UK એમ્બેસીમાં ઓળખાણ હોવાનો દાવો કરી પરિવારનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ વિઝા પ્રક્રિયા માટે બેંક ટ્રાન્ઝેક્શન દર્શાવવાની જરૂર હોવાનું કહી, દિપનભાઈની પત્નીના ખાતામાં રહેલા રૂ. 21.95 લાખ પોતાના પુત્ર અરહમ શાહના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

વિઝા પ્રક્રિયા પૂર્ણ ન થતાં જ્યારે દિપનભાઈએ રૂપિયા પરત માંગ્યા ત્યારે યતીન શાહે SIDBI બેંકમાં રૂ. 22 લાખની FD કરાવ્યાનો ખોટો લેટર WhatsApp મારફતે મોકલ્યો હતો અને દીકરીના નામે ICICI બેંકમાંથી રૂ. 24 લાખની એજ્યુકેશન લોન મંજૂર થયાનું ખોટું સહી-સિક્કાવાળું લોન સેન્કશન લેટર પણ આપ્યું. જોકે દસ્તાવેજોની તપાસ કરતાં SIDBI અને ICICI બેંકના અધિકારીઓએ બંને લેટર સંપૂર્ણપણે ખોટા અને બનાવટી હોવાનું જાહેર કરતાં દિપનભાઈને છેતરપિંડીનો અહેસાસ થયો. ગુનો નોંધાયા બાદ આરોપી યતીન શાહ ભારત છોડી મલેશિયા ભાગી ગયો હતો. ભરૂચ સી-ડિવિઝન પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, ડિજિટલ ટ્રેકિંગ અને વિવિધ રાજ્યોમાં નેટવર્ક સક્રિય કરી તેની શોધખોળ શરૂ કરી. તાજેતરમાં આરોપી મલેશિયાથી ભારત પરત ફરી રહ્યો હોવાની માહિતી મળતાં બેંગ્લોર પોલીસએ એરપોર્ટ પર જ તેને ઝડપી લીધો હતો. ત્યારબાદ ભરૂચ સી-ડિવિઝન પોલીસની ટીમ બેંગ્લોર પહોંચી આરોપીની કસ્ટડી મેળવી તેને ભરૂચ લઇ આવી હતી.

# તડકેશ્વર નજીક દિવાલ તોડી ટ્રક મકાનમાં ઘૂસી ગઇ

**નીંદર** માણી રહેલા પરિવારના બે સભ્યોને ગંભીર ઈજા



હિતેશ પટેલ

માંડવીઃ તડકેશ્વર નજીક કીમ-માંડવી સ્ટેટ હાઈવે પર વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડી રહેલી ટ્રકના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક રોડની બાજુમાં આવેલા એક આદિવાસી પરિવારના મકાનમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘરમાં સૂતેલા પરિવારના બે સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની વિગત મુજબ ટ્રક નંબર GJ-18 AV 9981 કીમ-માંડવી રોડ પરથી પસાર થતી વેળાએ અચાનક બેકાબૂ બની ગઈ હતી. ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક મકાનની દીવાલ તોડીને સીધી અંદર ઘૂસી ગઈ હતી. અકસ્માત સમયે પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં હોવાથી તેમને બચાવનો મોકો પણ મળ્યો ન હતો.

આ જોરદાર ટક્કરના કારણે મકાનને ભારે નુકસાન થયું હતું. મકાનનો એક ભાગ ધરાશાયી થતાં અંદર સૂતેલા બે સભ્યો કાટમાળ નીચે દબાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતનો જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે શિફા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં ટ્રક ચાલકની બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ટ્રક કબજે કરી ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## હાઈવે પર અંકલેશ્વરના ગડખોલ ગ્રામપંચાયતની ડમ્પિંગ સાઈટમાં આગ

અંકલેશ્વરઃ અંકલેશ્વરની રાજપીપલા ચોકડી નજીક નેશનલ હાઇવેની બાજુમાં આવેલ ગડખોલ ગ્રામપંચાયતની ડમ્પિંગ સાઈટમાં બપોરના અરસામાં સંગ્રહ કરેલા કચરામાં અચાનક આગ લાગી હતી.આગ વધુ ફેલાતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા નજરે પડ્યા હતા. આગની જાણ ડીપીએમસી ફાયર વિભાગમાં કરવામાં આવતાં ફાયર દોડી આવ્યું હતું અને ભારે જહેમતે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. આગના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.



## અંકલેશ્વરના ખરોડ નજીક એમ્બ્યુલન્સ પલટી જતાં ચાલકને ઈજા

અંકલેશ્વરઃ સુરતના તડકેશ્વર વિસ્તારમાં આવેલી શિફા હોસ્પિટલની એમ્બ્યુલન્સ દર્દીને લેવા જઈ રહી હતી. એ દરમિયાન અંકલેશ્વરના ખરોડ ગામ નજીક ચાલકે અચાનક નિયંત્રણ ગુમાવતા રોડ પરથી પલટી મારી ગઈ હતી. અકસ્માત સમયે એમ્બ્યુલન્સમાં કોઈ દર્દી ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. અકસ્માતમાં એમ્બ્યુલન્સના ચાલકને પગના ભાગે ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતના કારણે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિકની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી.

# વાલોડના સસ્પેન્ડેડ સરપંચના સમર્થનમાં ડીડીઓને આવેદનપત્ર આપી રજૂઆત

**મરેલા** કુતરાના નિકાલ મામલે સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, આદિવાસી સમાજ અને ગ્રામજનો દ્વારા 7 દિવસનું અલ્ટિમેટમ



વાલોડ : તાપી જિલ્લાના વાલોડ ગ્રામ પંચાયતમાં મરેલા કુતરાઓના નિકાલના મુદ્દે મહિલા સરપંચને સસ્પેન્ડ કરવાની વહીવટી તંત્રની એકતરફી અને પક્ષપાત ભરી નીતિ સામે આજે આદિવાસી સમાજ અને ગ્રામજનોએ ડીડીઓને આવેદન આપી 7 દિવસનું અલ્ટિમેટમ આપ્યું હતું.

આ આવેદનપત્રમાં ગ્રામજનો તેમજ આદિવાસી સમાજ દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે, પંચાયતના વહીવટમાં તલાટી કમ મંત્રી કસ્ટોડિયન હોવાં છતાં તેમની સામે કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી? ગુજરાત પંચાયત નાણાકીય નિયમો મુજબ કોઈપણ ચૂકવણી તલાટીની ચકાસણી અને સહી વગર શક્ય નથી. જો વાઉચરો જ શંકાસ્પદ છે તો બિલ બનાવનાર અને બિલ પાસ કરનાર 4 જેટલા તલાટીઓ સામે કેમ કોઈ એક્શન લેવામાં આવ્યા નથી? માત્ર રાજકીય કિન્નાખોરી રાખી મહિલા સરપંચ સામે જ કેમ એક્શન લેવાયા? બાજીપુરા અને અંધાત્રી ગ્રામપંચાયતમાં જ્યારે આવા કિસ્સા બન્યા ત્યારે પહેલા તલાટીને સસ્પેન્ડ કરાયા હતા. તો વાલોડના કિસ્સામાં કેમ તલાટીને છાવરવામાં આવ્યા? વર્ષ 2021-22 ના જે વાઉચરોને આધારે કાર્યવાહી થઈ છે. તે સમયગાળામાં અન્ય કાર્યકારી સરપંચો સત્તા પર હતા. તેમ છતાં હાલના સરપંચને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા? આવેદનપત્રમાં એવી માંગણી કરવામાં આવી હતી કે સરપંચ વિજયાબેન નાઈકનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરી તેમને પદ પર પરત લાવવામાં આવે, તલાટીઓની ભૂમિકા તપાસવામાં આવે અને અગાઉ કેમ પગલા લેવામાં આવ્યા નહીં તેની સ્પષ્ટતા કરવામાં આવે.